ડીસાના ઝેરડા ગામે આધેડની ગળામાં તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

રબારી સમાજના લોકોના ટોળેટોળે હોસ્પિટલમાં ઉમટી પડ્યાઃ લાશ લેવાનો ઈન્કાર કરતા પોલીસે મામલો માંડ થાળે પાડ્યો

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ઝેરડાથી પમરુ રોડ પરથી પસાર થઈ રહેલા આધેડ ઉપર અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કરી ગળાના ભાગે હથિયારના ઘા ઝીંકી હત્યા કરતાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી છે. આ અંગેની જાણ થતાં જ ડીસા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. ડીસા-ધાનેરા હાઈવે ઉપર આવેલા ઝેરડા ગામના ખેડૂત અને જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા પરબતભાઈ રબારી મોડી રાતે ઝેરડા બસ સ્ટેશનથી પોતાના ઘર તરફ પગપાળા જઈ રહ્યાં હતાં. તે દરમિયાન શાળા નજીક પહોંચતા જ કોઈ અજાણ્યા શખ્સોએ પરબતભાઈને માથા, ગળા, હાથ તેમજ શરીરની ભાગે તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મારી હત્યા નિપજાવી ફરાર થઈ ગયા હતાં. આ અંગેની જાણ થતાં ગ્રામજનો સહિત પરીવારના સભ્યો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. હત્યાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી લાશને પી એમ અર્થે ખસેડી હતી. રબારી સમાજના આશાસ્પદ ઈસમનું મોત થતા પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, નરસિંહ દેસાઈ સહિત સહકારી અને રાજકીય આગેવાનો સહિત સમાજના આગેવાનોના ટોળેટોળા સરકારી હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.અને આરોપીઓ પકડાય નહીં ત્યાં સુધી લાશ લેવાનો ઈનકાર કર્યો હતો. જેથી ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. જેને પગલે ડીવાયએસપી ડો. કુશલ ઓઝા પણ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા અને રબારી સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા કરી હત્યારાઓને તાત્કાલિક ટૂંક સમયમાં પકડવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો. પરબતભાઈની લાશને અંતિમવિધિ માટે તેમના ગામ લઈ જવાઈ હતી.આ અંગે ડીવાયએસપી ડો. કુશલ ઓઝાએ જણાવ્યું હતું કે, હત્યાની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાશને પીએમ અર્થે ખસેડી હતી અને મલ્ટીપલ કારણોને ધ્યાનમાં લઈ આગળની તપાસ ચાલી રહી છે.

ગાંધીનગર સમાચારના અહેવાલની અસર...

આખરે ધાનેરાના શીતલ શોપિંગ સેન્ટર બાબતે ધાનેરા નગરપાલિકા એક્શન મોડમાં...!!!

ધાનેરા તા.૨

ધાનેરા માં વર્ષો જૂનું બનેલ શીતલ શોપિંગ સેન્ટર જે ખંડેર અને જર્જરિત હાલતમાં જોવા મળી રહેલ છે. જેને નગરપાલિકાએ જર્જરિત અને કન્ડેમ જાહેર કરેલ છે. તેના પીલરો અને ધાબા ના પોપડાઓ નીચે પડી રહ્યા છે .અને જો નાનો ભૂકંપનો આંચકો આવે તો ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિમાં છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, રાજ્યની રાજધાની ગાંધીનગર ના પ્રથમ દૈનિક અખબાર "ગાંધીનગર સમાચાર" માં પ્રસિદ્ધ થયેલા અહેવાલોને પગલે આખરે ધાનેરા નગરપાલિકા તંત્ર શીતલ શોપિંગ સેન્ટર ના મામલે એક્શન માં આવી છે. જે સંદર્ભે નગરપાલિકાએ શોપીગ સેન્ટરના દુકાનદારોને નોટિસ આપવામાં આવેલ આમ વારંવાર નોટિસ આપવા છતાં કોઈ કામગીરી હાથ ધરાઈ ન હતી. અને આખરે નગરપાલિકાએ ૨૪ કલાકની નોટિસ આપેલ છે જે સંદર્ભે ૧૮૬ દુકાનદારો ભેગા થઈ મિટિંગનું આયોજન કરાયું હતું જેમાં સર્વ સંમતિથી દુકાનોનું સમારકામ કરી તેમજ બીમ અને પિલરો ને મજબૂત સમારકામ થાય એવી મિટિંગ માં દરેકની માંગ થઈ હતી.પરંતુ દુકાનદારોની કોઈ કામમાં હલચલ ન જણાતા અને વધુ પોપડાઓ નીચે પડતા વધુ કોઈ જાનહાની ન થાય એ સંદર્ભે આખરે નગરપાલિકા એક્શન મોડ માં આવી હતી અને ઉપરના માળ ની સીડી ઓની દિવાલ ચણી બંધ કરવામાં આવી હતી જેથી શોપિંગ સેન્ટરના દુકાનદારોમાં હલચલ જોવા મળી હતી જોકે અમુક દુકાનદારો પોતાની દુકાનો ખાલી કરી ચુક્યા છે. જેથી હવે નગરપાલિકા એકશન મોડમાં આવેલ હોવાથી હવે લાગી રહ્યું છે કે ટૂંક સમયમાં કામગીરી ચાલુ થાય એવું જણાઈ રહ્યું છે.

ડુંગરવાડાને ફાળવેલું આરોગ્ય કેન્દ્ર રદ થતાં ધનસુરા તાલુકાને ફાયદો

ધનસુરાના ભેરુન્હાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નસીબ થયું : રાજ્યમાં ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરાયા

બાયડ, તા.૨

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૨૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરતાં ૨૦ પૈકી ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સ્થળ ફેર કરી કાર્યવંતિત કરાયા છે જેમાં મોડાસા તાલુકાના ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ભેરુન્ડા સ્થળ ફેરફાર કરવામાં આવ્યો છે. ધનસુરા તાલુકાને વધુ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નસીબ થતાં પ્રજામાં આનંદ જોવા મળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા દરેક વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવવાના પ્રયાસ શરૂ કરાયા છે. નવા બજેટમાં પણ સરકારે પ્રજાના આરોગ્ય ઉપર વધુ ભાર મૂક્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગના અધિક નિયામક દ્વારા આદેશ કરાયો છે કે મોડાસા તાલુકાના ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ડુંગરવાડા સ્થળ ફેરફાર કરવામાં આવ્યો હતો પરંતુ ડુંગરવાડાના બદલે ભેરુન્ડા ખાતે સ્થળ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવતાં તાત્કાલિક અસરથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરુ કરવા માટે અરવલ્લી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને તાકીદ કરાયાનું જાણવા મળ્યું છે.

પાલનપુરના મીરાગેટ વિસ્તારમાં પાઈપ લીકેજ થતા પાણીનો બગાડ

લીકેજ થતા હજારો લીટર પાણી વેડફાયુ

પાલનપુર તા.૨

પાલનપુર શહેરના મીરા ગેટ વિસ્તારમાં છેલ્લા બે માસથી પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ હોવાથી હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. આ બાબતે તંત્રને રજૂઆત કરવા છતાં આંખ ખાડા કાન કરવામાં આવતા હોવાનું જણાવી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર શહેરના મીરા ગેટ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન લીકેજ થઈ હતી. જે રજૂઆતના પગલે કર્મચારી ઓ પાણીની પાઈપલાઈન રીપેર કરવા તો આવ્યા હતા પરંતુ માત્ર ખાડો ખોદી રીપેર કર્યા વગર ચાલ્યા ગયા હોવાથી ખાડો ખોદેલો તે જગ્યામાંથી પાણી લીકેજ જતા હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ અંગે સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, આ બાબતે વારંવાર પાલિકાને જાણ કરવા છતાં કોઈ રીપેરીંગ કામ કરવામાં આવ્યુ નથી. જેના કારણે હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. જેથી તંત્ર દ્વારા મીરાગેટ વિસ્તારમાં આવેલી પાણીની લીકેજ પાઈપલાઈનનું રીપેરીંગ કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ છે. સરકાર એક તરફ પાણી બચાવવા ની મોટી મોટી વાતો કરતી હોય છે. ત્યારે પાલનપુર શહેરમાં દીવા તળે અંધારું હોય તેમ પાણીનો બગાડ થઈ રહ્યો છે. જેથી રીપેરીંગ કામ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦ અને૧૨ બોર્ડની પરીક્ષામાં ૯૦૭૮૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

એસ એસ સીની પાંચ ઝોન અને એચ એસ સી ની બે ઝોન માં પરીક્ષા લેવાશેઃ તમામ બિલ્ડીંગ સી સી ટીવી કેમેરાથી સજ કરવામાં આવ્યા છે

પાલનપુર તા.૨

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ ની પરીક્ષા ૧૪ માર્ચ થી થી ૨૯ માર્ચ સુધી સુધી યોજાનાર છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા એક્શનપ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,જેમાં એસ એસ સી માં પાંચ ઝોનમાં ૬૨ કેન્દ્રો અને એચ એસ સી માં બે ઝોન માં ૩૩ કેન્દ્રો પર ૯૦૭૮૬ વિદ્યાર્થી ઓ પરીક્ષા આપશે .માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગુજરાત ગાંધીનગર બોર્ડ દ્વારા ૧૪ ફેબ્રુઆરી થી ૨૯ ફેબ્રુઆરી સુધી યોજાનાર પરીક્ષા ને લઈ બનાસકાંઠા શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાનો એક્શન પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૦ ની પાલનપુર ૨ ડીસા થરાદ અને દિયોદર પાંચ ઝોન પરીક્ષા યોજાશે ૬૨ કેન્દ્રો ૧૬૨ બિલ્ડીંગ અને ૧૭૦૪ બ્લોક માં ૫૦૯૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે .ત્યારે ૧૨ વિજ્ઞાન પ્રવાહ માં પાલનપુર અને ડીસા બે ઝોન માં પાંચ કેન્દ્રો પર ૨૩ બિલ્ડીંગ માં ૨૭૫ બ્લોક માં ૫૪૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ૧૨ સામાન્ય પ્રવાહ માં પાલનપુર અને ડીસા આમ બે ઝોન માં ૩૩ કેન્દ્રો પર ૧૦૮ બિલ્ડીંગ પર ૧૧૪૩ બ્લોક માં ૩૪૪૩૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે આમ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ નાં ૯૦૭૮૬ વિદ્યાર્થીઓ બોર્ડ ની પરીક્ષા આપશે તમામ બિલિંગ સી સી ટીવી કેમેરાની બાઝ નજર થી પરીક્ષા યોજવામાં આવશે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા ઉત્તર પ્રદેશના જહાનગઢના ટ્રક માલિક સામે પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા વિશ્વાસ ધાત અને છેતરપીંડી ને લઈ ને જહાનગઢ ઉર્ફે દૌજા તા.જી. બાગપત ઉત્તર પ્રદેશ ના ટ્રક નંબરે--૧૭-૫૮૮૧ માલિકે પોતાની શ્રી રામ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીની પોલીસી નંબર-૧૦૧૦૪૬ /૩૧/૧૮/ ૦૦૮૬૪૧ (તા.૩૧/૭/૨૦૧૯ થી તા.૩૦/૦૭/૨૦૨૦) ની ખોટી હોવાનુ જાણતો હોવાછતાંય એમ.એ.સી.ટી.કોર્ટ માં વળતર ન ચુકવવુ પડે તે સારૂ વીમા પોલીસીમાં ફેરફાર કરી ખોટી વિમા પોલીસી તૈયાર કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સ્નેહલત્તા બેન ગૌતમચંદ જેઠમાજી ઢેલરીયા ધંધો નોકરી રહે.૫૩/૨ , ઢેલરીયા ભવન જુલી કો-ઓપરેટીવ સોસાયટી , શાહીબાગ અમદાવાદ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના સબ ઈન્સ્પેક્ટર એન.એમ.સોલંકી દ્વારા દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી.

રમાણા-શીકાકંપા રોડ ઉપર બાઈકના વ્હીલમાં સાડી ભરાઈ જતાં મહિલાનું મોત

રોડ ઉપર ખાડો આવતાં ઓચિંતિ બ્રેક મારતાં સાડી વ્હીલમાં ફસાઈ

બાયડ, તા.૨

ધનસુરા તાલુકાના રમાણા-શીકાકંપા રોડ ઉપર પૂરઝડપે પસાર થતી બાઈકના વ્હીલમાં સાડી ભરાઈ જવાથી મહિલાનું મોત નિપજવાનો બનાવ સામે આવ્યો છે. બાઈક ચાલકે રોડ ઉપર ખાડો જોઈ એકદમ બ્રેક મારતાં પાછળ બેઠેલ મહિલાની સાડી વ્હીલમાં ફસાયા પછી ચાલકે કાબુ ગુમાવતાં મહિલા રોડ ઉપર પટકાઈ હતી જેમાં માથાના ભાગે થયેલ ઈજા જીવલેણ સાબિત થઈ. અકસ્માતમાં બાઈક ચાલકને પણ ઈજા થઈ છે. ધનસુરા તાલુકાના ધામણીયા ગામના જવાનસિંહ નાનજી સોલંકી તા.૨ના રોજ સુમિત્રાબેન જવાનસિંહ સોલંકીને બાઈક ઉપર બેસાડી રમાણા થી શીકાકંપા તરફ જતા રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા જે દરમ્યાન રોડ ઉપર ખાડો આવતાં એકદમ બ્રેક મારી હતી જે સમયે પાછળ બેઠેલા સુમિત્રાબેન સોલંકીની સાડીનો છેડો પાછળના વ્હીલમાં ફસાઈ જતાં બાઈક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં બંન્ને રોડ ઉપર પટકાયા હતા જેમાં મહિલાને માથાના ભાગે ગંભીર ઈજા થતાં મોત નિપજ્યું હતું. જ્યારે ચાલકને પણ હાથના ભાગે ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સાડીનો છેડો વ્હીલમાં ફસાઈ ગયા પછી જીવલેણ હાદસો સર્જાતાં સોલંકી પરિવારમાં હોળીના તહેવાર સમયે માતમ છવાયો છે. બનાવ અંગે અનિતાબેન બળવંતસિંહ મકવાણાની ફરિયાદના આધારે ધનસુરા પોલીસે બાઈક ચાલક જવાનસિંહ સોલંકી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ ખાતે આચાર્ય શ્રી મહાશ્રમળ સમવ શરળનું ઠેરઠેર ભવ્ય સ્વાગત

જૈન આચાર્ય યુગ પ્રધાન તેરા પંથના અગિયારમાં આચાર્ય ઉપસ્થિત રહ્યા : મારવાડી જૈન સમાજ તથા ગુજરાતી જૈન સમાજ ના ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા : રાજસ્થાનથી મુંબઇ જઇ રહ્યા છે

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે જૈન આચાર્ય યુગ પ્રધાન તેરા પંથના અગિયાર મા આચાર્ય શ્રી મહાશ્રમળ સમવ શરળ નું પ્રાંતિજ ખાતે આવતા જૈન સમાજ ના ભાઈ બહેનો સહિત ધર્મપ્રેમી લોકો દ્વારા ઠેરઠેર સ્વાગત કર્યુ. તેરાપંથી જૈન સમાજ ના આચાર્ય મહાશ્રમળ સમવ સરળ મહારાજ સાહેબ રાજસ્થાન થી પ્રાંતિજ ખાતે આવી પહોચતા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર થી પ્રાંતિજ શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ સભા સ્થળ સુધી એપ્રોચરોડ ઉપર ઠેરઠેર તેવોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ તો તેવોના રૂટ ઉપર પ્રાંતિજ ખાતે રહેતા જૈન સમાજ ના ભાઈ-બહેનો દ્વારા ઠેરઠેર સ્વાગત કર્યુ હતુ તો આચાર્ય મહાશ્રવળ જી ૨૦ જેટલા રાજયોના ગામો અને શહેર માં યાત્રા કરી વ્યસન મુકિત , અહિંસા , નૈતિકતા વિશે માર્ગદર્શન આપ્યુ હતુ તો ૨૬૨ વર્ષ પહેલા જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મ સંઘની સ્થાપના કરવામા આવી હતી અને તેઓના જીવનના ૬૦ વર્ષ લોકોની સેવા ધર્મપારાયણ તામા વિતાવ્યા છે પ્રાંતિજ શેઠ.પીએન્ડ હાઈસ્કુલ ખાતે તેવોનુ પ્રવચન સાભળવા મારવાડી જૈન તથા જૈન સમાજ તથા ધર્મપેમી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ , પ્રાંતિજ-તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ઉપસ્થિત રહ્યા હતા તો નગરપાલિકાપ્રમુખ પ્રમુખ નિરવભાઈ પરીખ , શરદભાઈ પરીખ તો જૈન સમાજ ના અગ્રણીઓ ભરતભાઈ ફડીયા , ભુનેશભાઈ પરીખ , રાજુભાઈ શાહ , સહિત સમાજ ના આગેવાનો સહિત ઉત્સાહિત સમાજ ના યુવાનો ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાંઉપસ્થિત ઉપસ્થિત રહીને સભાનો લાભ સહિત ધર્મલાભ લઈ ને જૈન સમાજ ના લોકોએ ધન્યતા અનુભવી હતી.

હાયરે કળીયુગ - ઈડરના ખેતરમાં ચારો ચરતી પૂંજારીની ગાયને તીર મારી નરાધમે પેટ વિંધી નાખ્યું

ગાય ઉપર તિક્ષ્ણ તીરથી ઘા કરાતાં જીવદયા પ્રેમીઓમાં આક્રોશ

બાયડ, તા.૨

ઈડરના રાણી તળાવ પાસે સાંઈ મંદિરની નજીક આવેલા ખેતરોમાં ઘાસચારો ચરતી સાંઈ મંદિરના પૂંજારીની ગાયને પેટના ભાગે તિક્ષ્ણ તીર મારી કોઈ નરાધમે અંગ છેદી નાખતાં અરેરાટી વ્યાપી છે. નિર્દયતાપૂર્વક તીરથી ગાયનું પેટ વિંધી નાખવામાં આવતાં જીવદયા પ્રેમીઓમાં આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. બનાવ અંગે ઈડર પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ પશુ ક્રૂરતા અધિનિયમની કલમ-૧૯૬૦ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. માનવીના સ્વભાવમાં હિંસકતા વધી છે જેના કારણે અબોલ પશુઓ ઉપર હથિયારના ઘા ઝીંકતાં કાળા માથાનો માનવી જરાય અચકાતો નથી. શાસ્ત્રોમાં ગાયને પવિત્ર માનવામાં આવતી હોવાથી મોટાભાગના સનાતની હિન્દુઓ ગાયને માતાનો દરજ્જો આપી પૂંજા કરતા હોય છે પરંતુ ઈડરના રાણી તળાવની પાળ પાસે નિર્દયી ઈસમે ખેતરોમાં ઘાસચારો ચરતી સાંઈ મંદિરના પૂંજારીની પાલતું ગાયને પેટના વચ્ચેના ભાગે કામઠાથી તીર મારી શરીર વિંધી નાખતાં જીવદયા પ્રેમીઓ હચમચી ગયા હતા. ખેતરોમાં તીરથી અંગ છેદાઈ ગયા પછી ગાય લોહીલુહાણ હાલતમાં જોવા મળતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં અને જીવદયા પ્રેમીઓ દ્વારા ગાયને તાત્કાલિક સારવાર આપવામાં આવતાં જીવ બચાવી લેવાયો છે પરંતુ ક્રૂરતાપૂર્વક તીરથી ગાય ઉપર હુમલો કરવામાં આવતાં જીવદયા પ્રેમીઓમાં નરાધમ સામે આક્રોશ ફાટી નિકળ્યો છે. બનાવ અંગે ગંભીરપુરાના જીવદયા પ્રેમી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ પરમારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરવામાં આવી છે.

ડીસા વોર્ડ નં. ૯ માં આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ

પાલિકા સામે સ્થાનિક રહીશોએ આક્રોશ વ્યક્ત કર્યો

ડીસા, તા. ૨

ઉનાળાની શરૂઆત થઈ ચુકી છે ત્યારે શિયાળાની ઋતુ અને ઉનાળાના ઋતુ મિક્ષ થતાં ઠેરઠેર શરદી ખાસી અને તાવના લક્ષણો જોવા મળી રહ્યાં છે ત્યારે આજે અર્બન હેલ્થ સેન્ટર ડીસા ૧ દ્વારા વોર્ડ ૭ થી ૧૧ માં હાલમાં તાવ શરદીના કેશો નીકળતા જિલ્લા એપેડેમી ઓફિસર ડૉ. જીગ્નેશ હરીયાણી તેમજ તાલુકા આરોગ્ય ઓફિસર ડો. મયુર શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ તેમજ અર્બન હેલ્થ ઓફિસર ડો. જીતેન્દ્ર પારગી સાથે હરિસિંહ ચૌહાણ અર્બન મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તેમજ અર્બન ૧ના આરોગ્ય સ્ટાફે ટીમ બનાવી સઘન સર્વે કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ વિસ્તારમાં જ્યાં જ્યાં ખુલ્લી ગટર લાઈન જોવા મળે ત્યાં ત્યાં બળેલું ઓઈલ છંટકાવ કામગીરી કરવામાં આવેલ. જ્યાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો હતા તે દૂર કરવામાં આવ્યાં હતાં તેમજ પાણી જન્ય, મચ્છરજન્ય રોગચાળો ન થાય માટે લોકોને આરોગ્ય શિક્ષણ વિશે જાણકારી આપવામાં આવી હતી સાથે સાથે ગંદકી માટે નગરપાલિકામાં પણ જાણ કરવામાં આવી હતી ત્યારે હવે જોવાનું રહ્યું કે નંગરપાલિકાના સતાધિશો શ્રમજીવી વિસ્તારમાં ગંદકીની સમસ્યાને દૂર કરવા માટે કુંભકર્ણ નિંદ્રામાંથી ક્યારે જાગે છે ?જ્યારે આજે આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર બિમારી ના ફેલાય તે માટે દવાનો છંટકાવ કરી જવાબદારી નિભાવી છે પરંતુ સ્થાનિકો દ્વારા નંગરપાલિકાના ચુંટાયેલા સદસ્યો અને પાલિકાના સતાધિશો સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો.